પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૬ | ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરુવાર; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ટેલિકોમ સેક્ટરને મોટી રાહત

**AGR પર ૪ વર્ષનું મોરેટોરિયમ : ઓટો, ઓટો કમ્પોનન્ટ, ડ્રોન ઉદ્યોગ માટે પીએલઆઈ યોજના શરૂ કરવામાં આવી, આ ત્રણ ક્ષેત્રો માટે ૨૬,૦૫૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ : મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની બેઠક યોજાઈ**




નવી દિલ્હી, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકમાં બુધવારે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મોદી કેબિનેટે ટેલિકોમ સેક્ટર માટે રાહત પેકેજ મંજૂર કર્યું છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે મોદી કેબિનેટે ઓટો અને ઓટો કમ્પોનન્ટ સેક્ટર માટે પીએલઆઈ યોજનાને પણ મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત, દેશમાં ડ્રોન માટે પીએલઆઈ યોજનાને પણ મંજૂરી આપવામાં આવી છે. ભારતના જીડીપીમાં ઓટો ક્ષેત્રનો હિસ્સો ૧૨ ટકા સુધી વધારવાનો લક્ષ્યાંક છે, જે હાલમાં ૭.૧ ટકા છે. મોદી કેબિનેટે બુધવારે ઓટો સેક્ટર માટે ૨૬,૦૦૦ કરોડનું પેકેજ આપ્યું છે. મોદી સરકારને અપેક્ષા છે કે કેબિનેટનો આ નિર્ણય આગામી ત્રણ વર્ષમાં ડ્રોન ક્ષેત્રે ૫૦૦૦ કરોડનું રોકાણ લાવી શકે છે.

મોદી સરકારમાં મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે ઓટો ક્ષેત્ર માટે પીએલઆઈ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. ઓટો, ઓટો કમ્પોનન્ટ, ડ્રોન ઉદ્યોગ માટે પીએલઆઈ યોજના શરૂ કરવામાં આવી છે. મોદી સરકારે આ ત્રણ ક્ષેત્રો માટે ૨૬,૦૫૮ કરોડની જોગવાઈ કરી છે. તેનાથી ઓટોમોબાઈલ ક્ષેત્રને

● અનુસંધાન પાન-૭ પર

## હાઈવે પર મહત્તમ સ્પિડ ૮૦ કિમી કરવા તાકીદ

**હાઈવે પર ઓવરસ્પિડિંગ પર કોર્ટે ચિંતા વ્યક્ત કરી : મોટાભાગના અકસ્માતોમાં ઓવર સ્પિડિંગ કારણભૂત**



ચેન્નાઈ, તા.૧૫

હાઈવે પર ઓવર સ્પિડિંગના કારણે સર્જાઈ રહેલા અકસ્માતો પર ચિંતા વ્યક્ત કરીને મદ્રાસ હાઈકોર્ટે મહત્વનો ચૂકાદો આપ્યો છે. હાઈકોર્ટે સ્પીડ લિમિટને લઈને કેન્દ્ર સરકારે હાઈવે પર ૧૨૦ કિમીની મહત્તમ ઝડપના આદેશને રદ કરીને કહ્યુ છે કે, હાઈવે પર ટોપ સ્પીડ પ્રતિ કલાક ૮૦ કિમીની હોવી જોઈએ.

કોર્ટે કહ્યુ હતુ કે, હાઈવે પર સર્જાતા મોટાભાગના માર્ગ અકસ્માતો પાછળનુ કારણ ઓવર સ્પિડિંગ હોય છે અને સાથે સાથે કોર્ટે કેન્દ્ર સરકારની દલીલ પણ સ્વીકારી નહોતી. આ દલીલમાં કહેવાયુ હતુ કે, એક્સપર્ટ કમિટીની ભલામણ બાદ હાઈવેની સારી સ્થિતિ અને હવે બહેતર ટેકનિકથી બની રહેલી કારોના આધારે ૧૨૦ કિલોમીટરની સ્પીડ લિમિટ નક્કી કરવામાં આવી છે. કોર્ટે સામે પૂછ્યુ હતુ કે, જ્યારે આપણે જોઈ રહ્યા છે કે, મોટાભાગના અકસ્માતોમાં ઓવર સ્પિડિંગ કારણ બની રહી છે ત્યારે એવુ કેવી રીતે

● અનુસંધાન પાન-૭ પર

## પ. બંગાળમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું

**ભારે વરસાદથી એક મોત : સમગ્ર દેશના કેટલાક વિસ્તારમાં ચોમાસુ વધુ મહેરબાન : કેટલાક જિલ્લામાં પૂરનુ જોખમ, પાણી હોસ્પિટલમાં ઘૂસી જતાં દર્દીને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે**

કોલકાતા, તા.૧૫

સમગ્ર દેશના કેટલાક વિસ્તારમાં ચોમાસુ જરૂરિયાત કરતા વધારે મેહરબાન છે. આ દરમિયાન પશ્ચિમ બંગાળમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયુ છે. રાજધાની કલકત્તા સહિત કેટલાક વિસ્તારમાં ભારે વરસાદ બાદ પાણી ભરાવાના કારણે લોકોનુ જીવન જીવવુ મુશ્કેલ થઈ ગયુ છે. આફતના આ વરસાદમાં એક મોતના પણ સમાચાર સામે આવ્યા છે.

કેટલાક જિલ્લામાં પૂરનુ જોખમ મંડરાઈ રહ્યુ છે. કોશિયારીમાં દિવાલ પડવાથી એક વ્યક્તિનુ મોત થઈ ગયુ છે. પૂર્વ મિદનાપુરના ઘાટાલમાં શિલાબતી નદીના પાણીનુ સ્તર વધારી દેવાયુ છે. પૂરનુ પાણી હોસ્પિટલમાં ઘૂસી ગયુ છે. આના કારણે દર્દીને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બુધવારે પણ સવારથી કલકત્તા સહિત વિભિન્ન વિસ્તારમાં સામાન્ય વરસાદ ચાલુ છે. હવામાન વિભાગનુ કહેવુ છે કે શુક્રવારે બંગાળની ખાડી ઉપર ચક્રવાત બની શકે છે. આના કારણે કેટલાક વિસ્તારમાં જોરદાર વરસાદ થઈ રહ્યો છે.

નદીઓ પણ તોફાને ચઢી છે. ઘાટલમાં શિલાબતી નદીના પાણીનુ સ્તર વધી ગયુ છે. આ પાણી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ પરિસરમાં પહોંચવાથી દર્દીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## સ્પૂતનિક લાઈટને ભારતમાં ત્રીજા ટ્રાયલની મંજૂરી

નવી દિલ્હી, તા.૧૫

રશિયાની સ્પુતનિક લાઈટ વેક્સિનને ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા તરફથી ભારતમાં ત્રીજા તબક્કાના ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે. ટ્રાયલ પૂરી થતાં જ આ વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટેની મંજૂરી મળી જશે. ત્યાર બાદ ભારતને કોરોના સામેના જંગમાં વધુ એક હથિયારનો સાથ મળશે.

ઉલ્લેખનીય છે કે, સ્પુતનિક લાઈટ વેક્સિનનો સિંગલ ડોઝ જ કોરોના વાયરસ સામે કારગર નીવડશે. ભારતમાં અત્યાર સુધી જે વેક્સિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે બધી જ ડબલ ડોઝ વેક્સિન છે.

રશિયાની સ્પુતનિક લાઈટ વેક્સિનના ત્રીજા તબક્કાના ટ્રાયલ માટે કોરોના માટે બનાવવામાં આવેલી સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ ભલામણ કરી હતી. એટલું જ નહીં, કમિટીએ તેના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માટે પણ ભલામણ કરી હતી. જોકે તેને એમ કહીને નકારી દેવામાં આવી હતી કે, ભારતમાં હજુ વેક્સિનનું ટ્રાયલ નથી થયું.

## સોનુ સૂદના ઘરે આઈટી વિભાગે સર્ચ હાથ ધર્યું

**એકાઉન્ટ બુકમાં ગરબડનો આરોપ : દિલ્હી સરકારે સોનુ સૂદને સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંલગ્ન કાર્યક્રમનો બ્રાન્ડ એમ્બેસડર બનાવ્યો હતો**

મુંબઈ,તા.૧૫

બોલીવુડ એક્ટર સોનુ સૂદ કોરોના કાળમાં ગરીબોની મદદ કરી ઘણી નામના કમાઈ ચૂક્યો છે.



આ દરમિયાન હવે મંગળવારે સોનુ સૂદની મુંબઈમાં આવેલા ઘરે ઈનકમ ટેક્સ વિભાગે સર્ચ હાથ ધર્યું છે. આજે અચાનક સોનુ સૂદની ઓફિસમાં એ સમયે હડકંપ મચી ગયો, જ્યારે આવકવેરા વિભાગના અધિકારી તપાસ કરવા લાગ્યા. જાણવા મળ્યા મુજબ, અકાઉન્ટ બુકમાં ગરબડના આરોપો પછી આઈટીની ટીમોએ સોનુ સૂદ અને તેની કંપનીઓ સાથે સંલગ્ન ૬ સ્થળોએ સર્વે કર્યો છે. જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલા દિલ્હી સરકારે સોનુ સૂદને સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંલગ્ન કાર્યક્રમનો બ્રાન્ડ એમ્બેસડર બનાવ્યો છે. આ દરમિયાન તે આમ આદમી પાર્ટીમાં સામેલ થવાની અટકળો પણ થઈ હતી. જેના પર સોનુ સૂદે કહ્યું હતું કે, દિલ્હી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે તેની કોઈ રાજકીય વાતચીત નથી થઈ. ઉલ્લેખનીય છે કે, કોરોના કાળમાં લગાવાયેલા લોકડાઉન દરમિયાન સોનુ સૂદે પ્રવાસી મજૂરોને તેમના ઘરે પહોંચાડવાનું સૌથી પહેલું બીડું ઉઠાવ્યું હતું. તે પછી સતત દેશભરના લોકોની મદદ કરતો રહ્યો છે. ઘણા રાજ્યોની સરકારોએ સોનુ સાથે કામ કરવા માટે હાથ મિલાવ્યા છે, જેમાં પંજાબ અને દિલ્હી સરકાર સામેલ છે. તે ઉપરાંત સોનુ ગુડવર્કર જોબ એપ, સ્કોલરશિપ પ્રોગ્રામ પણ ચલાવે છે. દેશમાં ૧૬ શહેરોમાં ઓક્સીજન પ્લાન્ટ પણ લગાવી રહ્યો છે. કોરોના દરમિયાન કરાયેલા સોનુના

● અનુસંધાન પાન-૭ પર






## તાલિબાન-હક્કાની નેટવર્ક વચ્ચે ક્રેડિટ માટેનો સંઘર્ષ

નવી દિલ્હી, તા.૧૫

અફઘાનિસ્તાનમાં વચગાળાની સરકારની રચના થઈ છે પરંતુ સ્થાયી સરકારને લઈ હજુ પણ અવઢવ છે. ત્યારે તાજેતરના અહેવાલો પ્રમાણે તાલિબાન અને હક્કાની નેટવર્ક વચ્ચે ક્રેડિટને લઈ સંઘર્ષ શરૂ થઈ ગયો છે અને ત્યાર બાદ મુલ્લા અબ્દુલ ગની બરાદરે કાબુલ છોડી દીધું છે.

ઉલ્લેખનીય છે કે, મુલ્લા અબ્દુલ ગની બરાદરને તાલિબાન સરકારમાં ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર બનાવવામાં આવ્યા છે. થોડા દિવસ પહેલા હક્કાની નેટવર્ક અને તેમના વચ્ચે અથડામણ પણ થઈ હતી જેમાં બરાદરને ગોળી વાગી હોવાના સમાચાર પણ વહેતા થયા હતા. તાજેતરમાં બરાદર અને હક્કાની નેટવર્કના નેતા ખલીલ ઉર-રહમાન વચ્ચે વિવાદ થયો છે. ત્યાર બાદ બંનેના સમર્થકો આપસમાં અથડાયા હતા. હકીકતે હક્કાની નેટવર્ક એવું માને છે કે, તેના આક્રમક વલણ અને ફાઈટર્સના કારણે જ અફઘાનિસ્તાનની સત્તા મળી છે. જ્યારે બરાદરના કહેવા પ્રમાણે તેની કૂટનીતિના કારણે તાલિબાનને વિજય મળ્યો છે. તેવામાં ક્રેડિટને લઈ બંને જૂથ વચ્ચે અથડામણ જામી છે.

તાલિબાન અને હક્કાની નેટવર્ક વચ્ચે સરકારમાં ભાગીદારીનો પણ વિવાદ છે.

● અનુસંધાન પાન-૭ પર


અઢળક અભિનંદન



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

(મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

અત્યંત સરળ, નિખાલસ, પ્રમાણિક, પારદર્શક અને
કાર્યક્ષમ વહીવટી ક્ષમતા ધરાવતા તથા
જનકલ્યાણના ભાવથી છલોછલ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને
રાજ્યના મુખ્યમંત્રી તરીકે વરણી થવા બદલ
હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ...

- શુભેચ્છક -

કેલનભાઈ દોશી

અમદાવાદ